# કોલેજ બહાર અડ્ડો જમાવીને બેસતા લુખ્ખા તત્વો પર પોલીસનો સપાટો

## આજે વધુ ૨૩ બાઈક ડીટેઈન : ડ્રાઈવ દરમ્યાન ૩૮૯ પાવતી ફાડીને ૪૩ હજારનો દંડ વસુલ્યો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા ટ્રાફીક પોલીસે માર્ગ અકસ્માતોના બનાવો અટકાવવા તથા શાળા-કોલેજો



બહાર સ્ટંટ કરતાં બાઈકર્સ વિરૂદ્ધ કાર્યવાહી કરવા ત્રણ દિવસથી આકસ્મીક ડ્રાઈવ ચાલુ રાખી છે ત્યારે આજે શહેરની એલ.ડી.આર.પી. કોલેજ તથા આઈ.ટી.આઈ. બહાર રોમીયોગીરી કરતાં તથા લાયસન્સ વગરના વધુ ૨૩ બાઈકોને ડીટેઈન કરી દંડની કામગીરી શરૂ કરી છે.

જિલ્લા પોલીસ અધિક્ષક શરદ સિંઘલની સુચનાથી ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીત તથા સ્થાનિક પોલીસ સ્ટેશનના અમદાવાદના સંયુક્ત ઓપરેશનથી શાળા-કોલેજ બહાર બેસીને ઠઠ્ઠા-મશ્કરી કરતાં લુખ્ખા તત્વો તથા લાયસન્સ વિના વાહન લઈને ફરતા વિદ્યાર્થીઓને પકડી તેમની સામે દંડનીય કામગીરી કરવા વિશેષ ડ્રાઈવ રાખવામાં આવી રહી છે ત્યારે ગઈકાલે ધુમ સ્પીડે બાઈક ચલાવતા ૧૫ શખ્સો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કર્યા બાદ નો પાર્કિંગનાં જાહેરનામાનો ભંગ કરતાં છ શખ્સો તેમજ આડેધડ પાર્કિંગ કરતા ૧૮ વાહન ચાલકો વિરૂદ્ધ ફરીયાદ નોંધી ધરપકડ કરવામાં આવી હતી. તેમજ આધાર વગરના ૩૮ વાહનો ડીટેઈન કરીને આર.ટી.ઓ. દંડ માટે તજવીજ શરૂ કરી છે.

કુલ ૩૮૯ પાવતીઓ ફાડીને રૂ. ૪૩,૦૨૫નો સ્થળ દંડ ડ્રાઈવ દરમ્યાન ટ્રાફિક પોલીસે વસુલ્યો છે. તે ઉપરાંત આજે ટ્રાફિક પોલીસ અને સે. ૭ પોલીસે મળીને એલ.ડી.આર.પી. કોલેજ કેમ્પસ પાસે ડ્રાઈવ રાખી બહાર અડીંગો જમાવીને બેસેલા રોડ રોમીયો



તથા લાયસન્સ વિના ફરતા વિદ્યાર્થીઓના મળીને કુલ ૨૩ વાહનો ડીટેઈન કરી સઘન કાર્યવાહી કરવામાં આવતા શાળા કોલેજ બહાર અડીંગો જમાવીને બેસતા લુખ્ખા તત્વો તથા સ્ટંટજનોમાં ફફડાટ મચી જવા પામ્યો છે. આ ડ્રાઈવ આગામી દિવસોમાં પણ કોઈપણ શાળા-કોલેજ કેમ્પસ બહાર આકસ્મીક રખાશે તેમ ટ્રાપીક પી.આઈ. વાય..આર. ગામીતે જણાવ્યું છે.

# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનો રાજ્ય સરકાર સામે અસંતોષ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા રાજ્ય સરકારમાં શિક્ષકોના પડતર પ્રશ્નો અંગે વારંવાર રજૂઆતો કરવામાં આવી છે તેમ છતાં રાજ્ય સરકાર દ્વારા ફિક્સ પગાર નાબુદી, એલ.ટી.સી. રોકડમાં, શિક્ષણ સિવાય અન્ય કામગીરી ન આપવા બાબતના અનેક પ્રશ્નોનો ઉકેલ આજ દિન સુધી વણઉકલ્યો રહ્યો છે. જેથી ગુજરાત રાજ્યના પ્રાથમિક શિક્ષકોમાં અસંતોષની લાગણી પ્રવર્તી છે.

પ્રાથમિક શાળાના શિક્ષકોમાં સૌથી મોટો અને વણ ઉકલ્યો પ્રશ્ન વિદ્યાસહાયક તરીકે ફિક્સ પગારનો છે. અન્ય રાજ્યોમાં શિક્ષકોને દાખલ તારીખથી પૂરા પગારનો લાભ આપવામાં આવે છે. તથા છઠ્ઠા પગાર પંચનો પણ લાભ મળે છે. જ્યારે ગુજરાત રાજ્યમાં શિક્ષકોને અમુક વર્ષ સુધી ફિક્સ પગારમાં રહેવું પડે છે. પ્રાથમિક શિક્ષકોને મોંઘવારીના સમયમાં માત્ર થોડા પગારમાં કામ કરવું પડે છે. નામદાર હાઈકોર્ટના આદેશ અનુસાર વિદ્યાસહાયકોને દાખલ તારીખથી પૂરા પગારનો લાભ આપવા જણાવાયું છે જે હજુ અમલમાં આવ્યો નથી. શિક્ષક સંઘે આ ઉપરાંત ફરજ દરમિયાન મૃત્યુ પામનાર શિક્ષકના આશ્રિતને ૯૦ દિવસમાં નોકરી આપવા, સી.સી.સી.ની પરીક્ષામાંથી મુક્તિ આપવા, એલ.ટી.સી.ની રકમ રોકડમાં આપવા, મેડિકલ ૧૦૦૦ રૂ. આપવા, શિક્ષણ ભથ્થુ આપવા તથા શિક્ષણ સિવાયની અન્ય કામગીરીમાંથી મુક્તિ આપવા અનુરોધ કર્યો છે. નિવૃત્ત શિક્ષકોને અટકાવેલ પેન્શનના લાભો આપવા પણ સરકારમાં રજૂઆત કરી છે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ચંદુલાલ જોષી અને મંત્રી બળદેવભાઈ ચૌધરીએ શિક્ષકોના આ પ્રશ્નોને ઉકેલવા સરકારને અનુરોધ કર્યો છે.

# ગુજરાત રાજય નિવૃત્ત કર્મચારી મંડળની મુખ્યમંત્રીને પડતર પ્રશ્નો અંગે રજૂઆત

ગાંધીનગર, તા.૧૧

રાજય સરકારમાં પેન્શનર્સ સમાજના ઘણા પ્રશ્નો અંગેની રજૂઆત ફાઈલોના થોથામાં પડી રહી છે. ગુજરાત રાજય નિવૃત્ત કર્મચારી મંડળના સભ્યોએ તાજેતરમાં આ બાબતે સરકારને દિવાળીમાં પાંચમો હપ્તો ચૂકવવા અને અપરિણીત પુત્રીઓને કેન્દ્રની જેમ આજીવન પેન્શન આપવા તથા અન્ય રાજયોની જેમ પેન્શનર્સને એસ.ટી.માં ૫૦ ટકા રાહત આપવા રજૂઆત કરી છે અને સત્વરે આ પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવા જણાવ્યું છે.

ગુજરાત સરકારે સમગ્ર વિશ્વમાં વિકાસની દિશામાં પ્રગતિ કરવાની વાત સાથે પોતાના સ્વર્ણિમ સોપાનો જાહેરાતો અને સમૂહ માધ્યમો દ્વારા પ્રગટ કર્યા છે ત્યારે રાજય સરકારના નિવૃત્ત કર્મચારીઓએ પોતાના પડતર પ્રશ્નોનો દિવાળી સુધીમાં ઉકેલ લાવવા શાબ્દિક રજૂઆત કરી છે. સૌનું કહેવું છે કે, પેન્શનર્સને પાંચમો હપ્તો દિવાળીમાં આપો તથા જે દિકરીઓના લગ્ન થયા નથી તેવી અપરિણીત પુત્રીઓને કેન્દ્રની જેમ આજીવન પેન્શન આપો તથા અન્ય રાજયોની જેમ પેન્શનર્સને એસ.ટી. બસમાં ૫૦ ટકા રાહત આપો. કેન્દ્રમાં સિનિયર સિટીઝન પુરુષને રેલવેમાં ૪૦ ટકા અને સ્ત્રીઓને ૫૦ ટકા રાહત આપવામાં આવી છે ત્યારે ગુજરાતના વિકાસમાં પેન્શનર્સનો સાથ સહકાર સરકારને મળ્યો છે ત્યારે પેન્શનર્સના આ પ્રશ્નોનો ઉકેલ લાવવા સૌએ વિનંતી કરી છે. ગુજરાત રાજય નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ ધનજીભાઈ પટેલે સૌ પેન્શનર્સના પ્રતિનિધિ તરીકે રાજય સરકારને રજૂઆત કરતાં જણાવ્યું છે કે દિવાળી પહેલા આ પ્રશ્નોનો ઉકેલ આવે તો પેન્શનર્સની દિવાળી સુધરે...!!!

# ફાયર સેફટીના મામલે બેદરકાર પ્રિમિયર હોસ્પિટલને નોટીસ

## ઈન્ફોસિટી સુપરમોલ-૨માં સ્થિત હોસ્પિટલમાં ફાયર ઓફિસરે તપાસ કરતા ફાયર સેફ્ટીના એક પણ સાધનો ન હતા

ગાંધીનગર, તા. ૧૧

ઈન્ફોસીટી સુપરમોલ-૨માં સ્થિત પ્રિમિયર હોસ્પિટલના બિલ્ડીંગમાં ગિયર ઓફિસરે આકસ્મિક ચકાસણી હાથ ધરી હતી. આ દરમિયાન ૨૪ રૂમની આ હોસ્પિટલમાં ફાયરસેફ્ટીનું એક પણ સાધન ન હોવાનું ધ્યાને આવતા હોસ્પિટલના સંચાલકને નોટીસ ફટકારી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હાઈપ્રોફાઈલ મનાતા ઈન્ફોસીટી સંકુલમાં સુપરમોલ-૨માં સ્થિત પ્રિમિયર હોસ્પિટલમાં ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે આકસ્મિક તમામ હાથ ધરી ફાયરસેફ્ટીના સાધનોની વ્યવસ્થા અંગે ચકાસણી હાથ ધરી હતી. આ દરમિયાન ૨૪ રૂમ અને આઈ.સી.યુ. યુનિટ ધરાવતી આ હોસ્પિટલમાં કોઈપણ પ્રકારના ફાયરસેફ્ટીના સાધનો ન હોવાનું ધ્યાને આપતા ફાયર ઓફિસર મહેશ મોડ ચોંકી ઉઠ્યા હતા. વધુમાં હોસ્પિટલના સંચાલકો દ્વારા ફાયરબ્રિગેડ પાસેથી એન.ઓ.સી. પણ લીધી ન હોવાનું ધ્યાને આવ્યું હતું. જયારે હોસ્પિટલની તપાસ દરમિયાન એકપણ ઈમરજન્સી એક્ઝીટ ન હોવાનું પણ માલુમ પડ્યુ હતું. ફાયરસેફ્ટીના સાધનોના મામલે બેદરકારી દાખવનાર હોસ્પિટલના સંચાલકોને ફાયર ઓફિસરે નોટીસ આપી કાર્યવાહી હાથ ધરી હતી. ફાયર ઓફિસરના જણાવ્યા મુજબ આગામી સપ્તાહમાં હોસ્પિટલ કક્ષાએથી એન.ઓ.સી. મેળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં નહીં આવે તો કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.

### નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૧

નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીના જિલ્લા પ્રમુખ ચતુરજી ઠાકોરે તાજેતરમાં એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે પક્ષને રાજયમાં સંગઠીત બનાવવા, વર્તમાન સમયે પક્ષના સિદ્ધાંતો અને આદર્શોને મૂર્તિમંત કરવા તથા ત્રીજા પરિબળ તરીકે રાજયની જનતાએ આપેલી સ્વીકૃતિને પ્રસ્થાપિત કરવા જિલ્લાના હોદ્દેદારોની તાજેતરમાં નિમણૂંક કરવામાં આવી હતી.

લીગલ એડવાઈઝર તરીકે એ.એન. મન્સુરી, માણસા તાલુકા પ્રમુખ તરીકે સુરેદ્રસિંહ ચાવડા, કલોલ તાલુકા પ્રમુખ તરીકે રાકેશભાઈ બારોટ, લઘુમતી સેલ ગાંધીનગર જિલ્લાના મહિલા પ્રમુખ તરીકે મદિનાબેન ચૌહાણ, કલોલ શહેર પ્રમુખ તરીકે જયંતકુમાર બારોટ અને પલીયડના જિલ્લા કન્વીનર તરીકે સંજયકુમાર દરજીની નિમણુંક કરવામાં આવી છે.

# રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ દ્વારા મહા અધિવેશન યોજાયું

ગાંધીનગર, તા. ૧૧

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ શરદ પવારના અધ્યક્ષ સ્થાને તાજેતરમાં વડોદરા ખાતે મહા અધિવેશન યોજવામાં આવ્યું હતું. અધિવેશનમાં મુખ્ય મહેમાન તરીકે પ્રફુલ્લ પટેલ તથા કેન્દ્રના તમામ પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વડોદરા ખાતે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ દ્વારા યોજવામાં આવેલા મહા અધિવેશનમાં ગુજરાત પ્રદેશના મહિલા પાંખના પ્રમુખ રતનબેન વોરા, પ્રદેશના તમામ હોદ્દેદારો, જિલ્લાના હોદ્દેદારો અને મહિલા પાંખના હોદ્દેદારો તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મહાસંમેલનનું સંચાલન ડૉ. જગદીશભાઈ દાફડાએ કર્યું હતું. તથા આયોજન ગુજરાત પ્રદેશ પ્રમુખ જયંત પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લાના પ્રમુખ ચતુરજી ઠાકોરે આભાર માન્યો છે.

# મિલ્કતવેરાની ગુંચવણો ન્યાયી દષ્ટિથી ઉકેલવા કમિશનરને રજૂઆત

## સંસ્થાઓના પ્રતિનિધિઓએ આકારણીની વિસંવાદીતા દૂર કરવા રજૂઆત કરી

ગાંધીનગર, તા.૧૧

મિલકતવેરા સંદર્ભે ઉભી થયેલી ગુંચવણો સહિતના વિવિધ મુદ્દાઓ ન્યાયી દષ્ટિથી ચકાસવા સ્થાનિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ મહાનગરપાલિકાના કમિશનર સમક્ષ રજૂઆત કરી હતી.

નગરની સ્થાનિક સંસ્થાઓના ફેડરેશનના પ્રતિનિધિ અરૂણ બૂચ, લવજી વાડીયા, રાજેન્દ્ર પારેખ તેમજ રવિન્દ્ર દવે સહિતના આગેવાનોએ મહાનગરપાલિકાના કમિશનર પાડલીયા સમક્ષ રજૂઆતમાં જણાવ્યા અનુસાર મિલકતવેરાની આકારણીના બીલોમાં ગંભીર વહીવટી ક્ષતિઓ સંદર્ભે થયેલી રજૂઆતોનો સત્વરે ઉકેલ લાવવા જણાવ્યું હતું. જયારે વસુલાત માટે તારીખ લંબાવાયા બાદ દરમિયાન રજૂ થયેલ વાંધા અરજીના કિસ્સામાં વ્યાજ વસુલ નહીં કરવા પણ જણાવાયું હતું. મિલકતવેરા અંગે થયેલી ઢગલાબંધ રજૂઆતોને ધ્યાને લઈ રી-સર્વે હાથ ધરવા પણ પ્રતિનિધિઓ દ્વારા સૂચવાયુંછે. વધુમાં મિલકતવેરાના ભાવાંકનો ઓવરગેઝ તેમજ વર્ષ ૨૦૧૧-૧૨ની ટેક્ષ વસુલાત ન્યાયી રીતે શંકાના દાયરામાં આવતી હોવાની કાનૂની સલાહ મુજબ પ્રશ્નો તપાસવા પણ રજૂઆતમાં જણાવાયું છે. મકાનોની આકારણી બાબતે થયેલા અન્યાય સામે કોર્ટ કચેરી સુધી જવાની ફરજ પડે તેવી વિસંવાદીતાઓ દૂર કરવા પણ પ્રતિનિધિ મંડળે રજૂઆત કરી હતી. આ ઉપરાંત મહાનરપાલિકાને નહેરુ મિશનની માતબર જોગવાઈઓનો લાભ લેવા, તબીબી સેવા તેમજ સફાઈ વ્યવસ્થાને સઘન બનવવા બાબતે ધ્યાન કેન્દ્રીત કરવા પણ જણાવાયું હતું.

### રેશનલ સમાજ ગાંધીનગરની ૧૩મીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરનાં સેક્ટર-૨૩માં આવેલા નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે તા. ૧૩મી ઓક્ટોબર-૨૦૧૨ને શનિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક યોજાશે. રેશનલ સમાજ ગાંધીનગરના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ સમગ્ર બેઠકમાં સર્વે સભાસદ મિત્રોને સમયસર ઉપસ્થિત રહેવા ખાસ અનુરોધ કર્યો છે.

### આજે વિસનગરા નાગરના શ્રેષ્ઠી વાસુદેવ પંડ્યાનો અમૃત મહોત્સવ ઉજવાશે

વિસનગરા નાગર પરિવારના શ્રેષ્ઠી અંબાજી મુકામે વિસનગરા નાગર અમદાવાદી સાથની ધર્મશાળાના પ્રમુખ, તથા વિસનગરા નાગર પરિવારના સલાહકાર શ્રી વાસુદેવભાઈ લક્ષ્મીશંકર પંડ્યા, (ડભોડાવાળા) અમૃત મહોત્સવનું આયોજન કરેલ છે. આજે ૭૫માં વર્ષમાં પ્રવેશ કરી તે નિમિત્તે વિસનગરા નાગર પરિવારને હાટકેશ પાટોત્સવનમાં દાદાની (શોભાયાત્રા માટેની પાલખી) અર્પણ કરશે. આ પ્રસંગે પૂજનવિધિ પણ તેમનાં નિવાસસ્થાન ૨૫૫, ગોકુળ સેકટર-૮માં રાખેલ છે.

### સમસ્ત મોચી સમાજનો દ્વિતીય જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતી દંઢાવ્ય જનક્ષત્રિય મોચી સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે દ્વિતીય જીવનસાથી પસંદગી મેળો તા. ૨૦મી જાન્યુઆરીના રોજ ટાઉનહૉલ, ગાંધીનગરમાં યોજાશે. કનુભાઈ સોલંકી, મંત્રીશ્રી, પ્લોટ નં. ૯૭૮/૧, સેકટર-૨સી, ગાંધીનગર ખાતે મોકલી આપવા જણાવેલ છે.

# ગાંધીનગરના આંગણે અરવલ્લી હસ્તકલા પ્રદર્શનનો સુનેહરો પ્રારંભ

## કાશ્મીરથી લઈ કન્યાકુમારી સુધીના પ્રાંતોની હસ્તકલાની ચીજવસ્તુઓનું પ્રદર્શન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના ઘ-૫ સર્કલ પાસેના ઓપન એર થિયેટર પાસેના મેદાનમાં



તાજેતરમાં અરાવલી ગ્રામીણ વિકાસ જનસેવા સમિતિ દ્વારા હસ્તકળાની વિવિધ ચીજવસ્તુઓના ભવ્ય ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યાં ગાંધીનગર શહેર અને જિલ્લાની જનતાને એક જ છત નીચેથી કાશ્મીરથી લઈ કન્યાકુમારી સુધીના પ્રાંતોની હસ્તકલાની ચીજવસ્તુઓ મળી રહેશે.

અરવલ્લી આર્ટ એન્ડ ક્રાફ્ટ ફેસ્ટીવલમાં ભારત દેશના દરેક પ્રાંતની, દરેક વિસ્તારની જાણીતી અને કિફાયતી વસ્તુઓ પ્રદર્શમાં મુકવામાં આવી છે. જેનો પ્રારંભ ૩૦મી ઓક્ટોબર-૨૦૧૨ના રોજથી કરવામાં આવ્યો છે.

અરવલ્લી ગ્રામીણ વિકાસ જનસેવા સમિતિના અધ્યક્ષ કેશવ વર્માએ આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું છે કે, જે તે પ્રાંત સિવાય અન્ય સ્થળોએ ન મળતી અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત હસ્કલાની ચીજવસ્તુઓ હસ્તકલાના કારીગરો મારફતે આ ફેસ્ટીવલના માધ્યમથી રજૂ કરાઈ રહી છે.

કલાપ્રેમી જનતા માટે તો આ 'ઘેર બેઠા ગંગા આવી' જેવી સ્થિતિ ગણાશે. હજારો રૂપિયા ખર્ચતા માંડ મળે તેવી કાશ્મીરથી લઈ કન્યાકુમારી સુધીના પ્રાંતોની ૧૮ હજારથી વધુ વેરાટીઝ અહીં ઉપલબ્ધ છે. ૧૬મી ઓક્ટોબર-૨૦૧૨ સુધી ચાલનારા આ હસ્તકલા પ્રદર્શનમાં ઉત્તરપ્રદેશના જગ વિખ્યાત સહરાનપુરનું ફર્નિચર, બધાઈની કાર્પેટ, રાજસ્થાનનું બ્રાસનું એન્ટીક લૂકવાળું ફર્નિચર, યુ.પી.ના ખુરજાની નોન બ્રેબલ ક્રોકરી, કાશ્મીરી





હસ્તકલાનો ડ્રેસ, લખનવી નીકનકારીના ડ્રેસ, સાડીઓ તથા ઝભ્ભા,રાજસ્થાની પ્રિન્ટના સ્કર્ટ, ટોપ અને ડ્રેસ મટીરીયલ્સ, પશ્ચિમ બંગાળની કાથા વર્કની સાડીઓ, બનારસી સાડીઓ, પશ્ચિમ બંગાળના ટેરાકોટાના શો પીસ, સાઉથ કોટન ડ્રેસ મટીરીયલ્સ, પડદા, બેડ શીટ, મુંબઈના ફેન્સી ડ્રેસ, જીન્સ, ટોપ, ટી શર્ટ, ફેન્સી ચંપલ, જયપુરી બેંગલ્સ, કડા તથા જ્વેલરી ઉપરાંત બિકાનેરી ફરસાણ તથા કન્ઝ્યુમર કટલરી પણ અહીં નગરજનો માટે ઉપલબ્ધ કરવામાં આવી છે. પ્રદર્શનનો પ્રારંભ થતાં જ કલાપ્રેમી જનતાની ભીડ ફેસ્ટીવલમાં જામવા લાગી છે. જેમાં ખાસ કરીને મહિલાઓની સંખ્યા વધુ રહે છે. સમિતિના અધ્યક્ષ દ્વારા સમગ્ર જનતાને અનેકવાર આ ફેસ્ટીવલની મુલાકાત લેવા ખાસ આમંત્રણ પાઠવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૬
સૂર્યાસ્ત : ૬.૧૯

## તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે. લઘુત્તમ : ૧૮.૫ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૪૩ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્કીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
ભૂત ૨ : ૧૦.૩૦, ૧૨.૩૦

: સ્કીન-૨ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૧૨.૪૫, ૭.૦૦
અઈય્યા : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦

: સ્કીન-૩ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૩.૩૦, ૧૦.૦૦
અઈય્યા : ૧૨.૩૦, ૬.૩૦

: સ્કીન-૪ :
ચિત્તાગોંગ : ૧૨.૩૦, ૨.૩૦
મખ્ખી : ૧૦.૦૦, ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્કીન-૧ :
ભૂત રિટર્ન્સ (૩ડી) : ૯.૧૫, ૧.૪૫, ૬.૧૫, ૧૦.૪૫
મખ્ખી : ૧૧.૪૫, ૩.૪૫, ૮.૧૫

: સ્કીન-૨ :
ઓહ! માય ગોડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્કીન-૩ :
અઈય્યા : ૯.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
બર્ફી : ૧૨.૪૫

: સ્કીન-૪ :
ઈંગ્લીશ વિંગ્લિસ ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ભૂત- ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રૂદિયે વાલા સીતારામ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
ભૂત રિટર્ન્સ : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
ઓહ! માય ગોડ : ૧.૩૦, ૪.૩૦,

: સ્કીન-૨ :
અઈય્યા : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્કીન-૩ :
ઓહ! માય ગોડ : ૧૧.૧૫, ૭.૦૦, ૧૦.૦૦
મખ્ખી : ૧.૪૫, ૪.૧૫

### ચિરાગ, કલોલ

ભૂત રીર્ટન : ૧૦.૪૫, ૩.૪૫, ૮.૩૦
મખ્ખી : ૧૨.૪૫, ૬.૦૦, ૧૦.૩૦

## આપની આજ

**મેષ** : પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભનો યોગ. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**વૃષભ** : આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવના. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**મિથુન** : આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

**કર્ક** : આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

**સિંહ** : અપરણિતો માટે લગ્નસંબંધી પ્રસ્તાવ, લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે.

**તુલા** : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

**ધન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

**મકર** : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. નવા સંબંધો બંધાશે.

**મીન** : મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

## ચિરવિદાય

● સ્વ. કાન્તાબેન ચીમનલાલ મોદી (ઉ.વ. ૭૯)પ્લોટ નં. ૭૧૨, વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર-૨૧, ગાંધીનગર.